B A O U

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર,
શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧
E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in

સત્રીયકાર્ય જાન્યુઆરી – ૨૦૧૬

સ્નાતક પદવી અભ્યાસક્રમ: (BDP)

પાઠયક્રમ શીર્ષક

ECO-03,04,05,06,07

મેનેજમેન્ટના સિદ્ધાંતો	:- ECO-03
નામાપદ્ધતિ - II	:- ECO-04
વેપારી કાયદો	:- ECO-05
અર્થશાસ્ત્રના સિદ્ધાંતો	:- ECO-06
આંકડાશાસ્ત્રના મૂળતત્ત્વો	:- ECO-07

અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :-૩૦/૦૬/૨૦૧૬

નોંધ :- વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથે અભ્યાસ કેન્દ્ર પરથી પરત અવશ્ય લેવું.

:-જમા કરાવવાની છેલ્લી તારીખ :- ૩૦/૦૬/૨૦૧૬પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્ય સ્વીકારવામાં આવશે નહી.

સત્રીયકાર્ય માટે આવશ્યક સૂચનાઓ

પ્રિય વિદ્યાર્થી મિત્રો

દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ માટે દરેક અભ્યાસક્રમમાં પાઠયક્રમ દીઠ સ્વાધ્યાયકાર્યો રજૂ કરવા ફરજીયાત છે. આ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com ના પ્રથમ વર્ષ, બીજા વર્ષ તેમજ ત્રીજા વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીગ બૉડની (A.P.B.મંજૂરીથી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે અભ્યાસ કેન્દ્ર પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયારી કરી, પોતાના અભ્યાસ કેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. દરેક સ્વાધ્યાયકાર્ય માટે ૧૦૦ ગુણ નિશ્ચિત છે. જેમાં પાસ થવા માટે ૩૬ ગુણ જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% છે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. તમે વાંચનથી જે શીખ્યા છો, જે સમજ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી તમે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો. તમારે પાઠયક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર **નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.**

જવાબ માટે કેવળ(ફક્ત) ફૂલસ્કેપ કાગળનો જ ઉપયોગ કરો અને તે કાગળોને વ્યવસ્થિત બાંધવા

દરે જવાબના પહેલા પ્રશ્ન સંખ્યા આવશ્યક (ફરજિયાત) લખો.

સ્વહસ્તાક્ષર માં જવાબ લખો.

નોંધ :- સત્રાંત પરીક્ષા આપતા પહેલા સ્વાધ્યાયકાર્યો જમા કરાવવા ફરજિયાત છે.

અન્યથા (નહિતર) પરીક્ષા આપવામાં આવશે નહીં.

નોંધણી નંબરઃ-____________________

પૂરું નામ :- ____________________

સરનામું :- ____________________

મોબાઈલ નં :- ____________________

તારીખ :- ____________________

અભ્યાસક્રમ :- ________________________

પાઠયક્રમ :- ________________________

સ્વાધ્યાય સંખ્યાઃ-________________________

અમે ઈચ્છીએ છીએ કે તમે દરેક સત્રીયકાર્ય અલગ અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે છેલ્લી તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર પર મોકલી આપશો.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જે ધ્યાને લેવું.

શુભેચ્છા સહ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

પાઠયક્રમ કોડ :- ECO-03 :- ધંધાકીય વ્યવસ્થા

સત્રીયકાર્ય કોડ :- ECO-03/AST-01/TMA/2016

(તમામ પાઠયસામગ્રી પર આધારિત)

અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/06/2016 **(કુલ ગુણ:-100)**

વિભાગ –ક : વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો. (૨૦X૨= ૪૦)

૧ સંચાલનની પ્રક્રિયા એટલે શુ ? તેનો અર્થ અને લક્ષણો વર્ણવી સંચાલનની પ્રક્રિયાની વિચારધારા વર્ણવો.

અથવા

વ્યવસ્થાતંત્રના કાર્યનું સ્વરૂપ વર્ણવી વ્યવસ્થાતંત્રના માળખા વિષે સવિસ્તાર તેના પ્રકારો ચર્ચો.

૨. અભિપ્રેરણાનો ખ્યાલ સ્પષ્ટ કરી તેનું સ્વરૂપ અને પ્રક્રિયા જણાવો.

અથવા

અંકુશની પરંપરાગત પધ્ધતિઓ અને આધુનિક પધ્ધતિઓ વિષે વિગતે માહિતી આપો.

વિભાગ ખ : મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો. (ગમે તે બે) (૨X૧૫= ૩૦)

૧ સંચાલનની સામાજિક જવાબદારીઓ ચર્ચો.

૨ વ્યવસ્થાતંત્રના સિધ્ધાંતો ચર્ચો.

૩ તાલીમનું મહત્વ, પ્રકારો અને પધ્ધતિઓ જણાવો.

૪ સંકલનની જરૂરિયાત અને મહત્વ જણાવી તેના ઉદ્દેશો જણાવો.

વિભાગ ગ : નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે ચાર) (૪X૫= ૨૦)

૧ સંચાલન અને વહીવટ

૨ સત્તા સોંપણીનું મહત્વ

૩ અસરકારક નેતાના લક્ષણો

૪ અસરકારક માહિતી સંચારના અવરોધો જણાવો.

૫ અંદાજપત્રના પ્રકારો જણાવો.

વિભાગ ઘ ખાલી જગ્યા પુરો (ગમે તે દશ) **(૧૦X૧= ૧૦)**

૧ વ્યવહારૂ પરિણામો મેળવવા માટે વિજ્ઞાનનો ઉપયોગ એટલે ....

૨ આધારણ એટલે .... પર્યાવરણનો અંદાજ બાંધવો.

૩ ભાવિ કાર્યમાર્ગ નકિક કરવો એટલે .... કરવું.

૪ સંચાલકોની સાહસ તથા ટેકારૂપ વ્યકિતઓ પ્રત્યેની ફરજ એટલે ....

૫ હુકમો આપવાની શકિત એટલે ....

૬ સંચાલનના મૂળભૂત સત્યો એટલે ....

૭ .... એટલે એક સંચાલક જેટલા કામદારો પર સુપરવિઝન કરી શકે તે સંખ્યા.

૮ ધંધાકિય એકમને અસર કરતી ભાવિ પરિસ્થિતિનો અંદાજ બાંધવો એટલે ....

૯ નીતિઓ એટલે નિર્ણય ઘડતર અને કાર્ય કરવા માટેની ....

૧૦ .... એટલે કોઈપણ કાર્યનું ઈચ્છિત પરિણામ

૧૧ કોઈપણ કાર્ય પુરૂ કરવા માટેના સમયગાળાને .... કહેવાય.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

પાઠયક્રમ કોડ :- ECO-04 :- નામાપદ્ધતિ - II

સત્રીયકાર્ય કોડ :- ECO-04/AST-01/TMA/2016

(તમામ પાઠયસામગ્રી પર આધારિત)

અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- ૩૦/૦૬/૨૦૧૬ **(કુલ ગુણ:-100)**

વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આ�ો. (ચારમાંથી બે) (20×2=40)

1. પ્રતાપરાય દ્વારા પાંચ બસ તા: 01-07-2006 ના રોજ ભાડે ખરીદ પદ્ધતિ પ્રમાણે ખરીદી. બસની ડીલીવરી સાથે તેની કિમતના 25% જેટલી રકમ તરત રોકડમાં ચુકવવાની હતી. બાકીની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તા 5% લેખે વ્યાજ ઉમેરીને ચૂકવવાના છે. પ્રત્યેક બસની રોકડ કિમત રૂ. 1,00,000 હતી. રામવિજય 30-06-2009ના રોજ ચૂકવવાપાત્ર ત્રીજા હપ્તાના નાણા ચૂકવી શક્યો નહિ. ત્યારબાદ એમ નક્કી થયું કે બે બસ ભાડે આપનારને પરત મોકલવામાં આવશે અને તેની કિમત રામવિજય પાસેથી લેણી રકમ સામે સરભર કરવામાં આવશે. પરત કરવાની બસની કિમત ઘટતી જતી બાકીની પદ્ધતિ અનુસાર 25% લેખે ઘસારો કાપીને નક્કી કરવાની હતી. પુન:પ્રાપ્ત કરેલ બસો ને રૂ. 4,000નો ખર્ચ કરી ફરીથી તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ તે બસો નું વેચાણ રૂ. 90,000 માં કરવામાં આવ્યું હતું.

   બંને પક્ષકારોના ચોપડામાં જરૂરી ખાતા તૈયાર કરો. દર વર્ષે હિસાબો 30 જુન ના રોજ તૈયાર કરવામાં આવે છે. વાર્ષિક 20% ના દરે ઘસારો ગણવામાં આવે છે.

2. **નીચે આ�ેલ માહિતી ઉ�રથી ચાલુ ગુણોત્તર, માલિકીનો ગુણોત્તર, સ્ટોકના ઉથલાનો ગુણોત્તર, દેવાદાર ગુણોત્તર, વેચાણ ઉ�ર કાચા નફાનો દર, સંચાલન ખર્ચનો ગુણોત્તર, શેરહોલ્ડરોના ભંડોળો ઉ�ર વળતરનો દર શોધો.**

   શ્રી વિશ્વાસ લિમિટેડનું તા: 31-12-2006 ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

વિગત	રકમ રૂ.	વિગત	રકમ રૂ.
શરૂઆતનો સ્ટોક	1,00,000	વેચાણ	10,00,000
ખરીદી	6,80,000	આખર સ્ટોક	60,000
સીધા ખર્ચા	40,000		
કાચો નફો આગળ લઇ ગયા	2,40,000		
	10,60,000		10,60,000
વેચાણ-વિતરણ ખર્ચા	40,000	કાચો નફો આગળ લાવ્યા	2,40,000
વહીવટી ખર્ચા	60,000	બિન-ધંધાકીય આવક	
બિન-ધંધાકીય ખર્ચા	5,000	વ્યાજ	4,000
ચોખ્ખો નફો	1,45,000	મિલકત વેચાણનો નફો	6,000
	2,50,000		2,50,000

શ્રી વિશ્વાસ લિમિટેડનું તા: 31-12-2006 ના રોજ પૂરા થતા વર્ષનુ �ાકું સરવૈયું

મૂડી-દેવા	રકમ રૂ.	મિલકત-લેણા	રકમ રૂ.
શેરમૂડી: રૂ. 10 ના એક એવા 20,000 ઇક્વિટી શેર	2,00,000	જમીન-મકાન	1,00,000
અનામત અને વધારો	45,000	સાંચા-યંત્રો	2,00,000
ચાલુ દેવા	90,000	દેવાદારો	70,000
નફા-નુકશાન ખાતું	1,00,000	સ્ટોક	60,000
		બેંક	5,000
	4,35,000		4,35,000

3. નીચે આપેલ માહિતી ઉપરથી ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરો.

જવાબદારીઓ	2004 રૂ.	2005 રૂ.	મિલકતો	2004 રૂ.	2005 રૂ.
ઇક્વિટી શેરમૂડી	1,50,000	2,00,000	જમીન	1,00,000	85,000
રીડીમેબલ પ્રેફરન્સ શેર (8%ના)	75,000	50,000	પાઘડી	57,500	45,000
સામાન્ય અનામત	20,000	35,000	યંત્રો	40,000	1,00,000
નફા-નુકશાન ખાતું	15,000	24,000	દેવાદારો	80,000	1,00,000
ભલામણ કરેલ ડિવિડન્ડ	21,000	25,000	સ્ટોક	38,500	54,500
લેણદારો	27,500	41,500	લેણી હુંડી	10,000	15,000
દેવી હુંડી	10,000	8,000	રોકડ	7,500	5,000
કરવેરાની જોગવાઈ	20,000	25,000	બેંક	5,000	4,000
	3,38,500	4,08,500		3,38,500	4,08,500

વધારાની માહિતી:

(1) યંત્રો અને જમીન ઉપર 2005 ના વર્ષ માટે અનુક્રમે રૂ. 5,000 અને રૂ. 10,000 ઘસારો ગણવામાં આવ્યો હતો. (2) 2005 ના વર્ષ દરમ્યાન વચગાળાનું ડિવિડન્ડરૂ. 10,000 ચૂકવવામાં આવ્યું હતું. (3) 2005 ના વર્ષ દરમ્યાન રૂ. 17,500 આવકવેરો ચૂકવવામાં આવ્યો હતો.

4. **(અ) નીચેની ટૂંકનોંધ લખો.**

(i) કંપની ઓડિટર ના હકો અને ફરજો

(ii) ઓડિટરની પુન:નિમણૂંક

(બ) તફાવત લખો: કંપનીનું ઓડીટ – ભાગીદારી પેઢીનું ઓડીટ

વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો. (ચારમાંથી બે) (2×15=30)

ગુજરાતમાં આવેલી મુખ્ય ઓફીસની અમદાવાદ શાખાની વિગત નીચે પ્રમાણે છે. શાખાના ચોપડામાં વેપાર તથા નફા-નુકશાન ખાતું અને પાકું સરવૈયું બનાવો. શાખાના ચોપડામાં મુખ્ય ઓફિસનું ખાતું દર્શાવો.

ખરીદી	20,000	મુખ્ય ઓફીસ તરફથી માલ	40,000
વેચાણ પરત	1,000	વેચાણ	80,000
દેવાદારો	10,000	ફર્નિચર	1,500
મુખ્ય ઓફીસ ખાતે પગાર	6,400	લેણદારો	12,000
સામાન્ય ખર્ચા	600	રોકડ સિલક	3,000
ભાડું અને કરવેરા	600	ઘાલખાધ	100
ગાડાભાડું	150	ગ્રાહકોને વટાવ	200
શરૂઆતનો સ્ટોક	10,000	મુખ્ય ઓફીસ ને પરત	400
		લેણી હુંડીઓ	4,000

આખર સ્ટોક રૂ. ૧,000 છે.

1. ટૂંકનોંધ લખો:

    (i) ભાગીદારી કરારપત્રમાં સમાવિષ્ટ બાબતો

    (ii) પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિઓ

2. કાનન લિમિટેડ દ્વારા તા: 01-01-2002 ના રોજ રૂ. 100 ના એક એવા 1000 ડિબેન્ચર બહાર પાડ્યા. જે ચાર વર્ષ પછી પરત કરવાના હતા. આ હેતુ માટે ડુબતનિધિ ઉભી કરવાની હતી. રોકાણો ઉપર વાર્ષિક ચોખ્ખી 5% આવક થશે તેમ અપેક્ષિત છે. ડુબતનિધિના કોઠા પ્રમાણે દર વર્ષે રોકેલ રૂ. 0.232012 સામે 5 ટકાના ચક્રવૃદ્ધિ વ્યાજના દરે ચાર વર્ષના અંતે રોકાણોના વેચાણ માંથી રૂ.77,400 ઉપજ્યા. તે તારીખે બેંકમાં સિલક રૂ. 30,000 હતી. તા: 31-12-2005 ના રોજ ડિબેન્ચરના નાણા પરત કરવામાં આવ્યા.

    નફામાંથી ફાળવવાની રકમની ગણતરી દર્શાવો. કંપનીના ચોપડામાં ઉપરના વ્યવહારોની આમનોંધ લખો અને જરૂરી ખાતા તૈયાર કરો.

3. ટૂંકનોંધ લખો:

    (i) ઓડિટ કાર્યક્રમના ફાયદા (ii) ઓડિટ કામના કાગળોનું મહત્વ

વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો. (5×4=20)

(પાંચમાંથી ચાર)

1. તફાવત આપો: કંપની – ભાગીદારી પેઢી
2. ભંડોળ પ્રવાહ પત્રકનું મહત્વ સમજાવો.
3. યાંત્રિક હિસાબી પદ્ધતિ દાખલ કરતી વખતે રાખવાની સાવચેતીઓ જણાવો.
4. (અ) બિન વ્યક્તિગત ખાતાવહીનું વાઉચિંગ કઈ રીતે કરવામાં આવશે?

(બ) માલ-મિલકત ખાતાનો નફો કે નુકશાન ભાગીદારોના મુડીખાતે લઇ જવા માટેની આમનોંધ જણાવો.

5. આંતરિક અંકુશના હેતુઓ અને લક્ષણો જણાવો.

વિભાગ-ઘ નીચે આ�લા પ્રશ્નોના જવાબ આ�. (10×1=10)

1. કંપની ધારાની કલમ 226 અનુસાર કઈ વ્યક્તિઓ કંપની ઓડિટર તરીકે નિમણૂંક માટે ગેરલાયક છે?
2. ભાડે ખરીદથી વેચેલો માલ દુકાનમાં રહેલા સ્ટોક ખાતામાં ______________કીમતે દર્શાવવામાં આવે છે?
3. ખાનગી કંપનીમાં સભ્ય સંખ્યા કેટલી હોય છે?
4. વર્ષની શરૂઆતમાં ચાલુ મિલકતો રૂ.35,000 છે અને વર્ષના અંતે રૂ. 52,500 છે તો કાર્યશીલ મૂડીમાં ____________ રૂ. ____________ગણાય.
5. A, B અને C ત્રણ ભાગીદારો છે. તેમની મૂડી અનુક્રમે રૂ. 1,00,000 , 1,50,000 અને 2,00,000 છે. પેઢીનો નફો કુલ નફો રૂ. 75,000 છે. ત્રણેય ભાગીદાર ને નફાની કુ કેટલી રકમ મળશે?
6. ટેબલ A ની જોગવાઈ મુજબ કંપની અગાઉથી મળેલ હપ્તા ઉપર વધુમાં વધુ કેટલા ટકા વ્યાજ ચૂકવી શકાય?
7. કઈ પરિસ્થિતિમાં ધંધાનું ફરજીયાત વિસર્જન કરવું પડે છે?
8. પાઘડીને અસર કરતા પરિબળો જણાવો.
9. જો સામાન્ય ઘસારા કરતા મિલકત ઉપર વધારે ઘસારો કાપવામાં આવે તો મિલકત અને નફા ઉપર શું અસર થાય છે?
10. ડિબેન્ચર પરત નિધિ વિશે ટૂંકમાં સમજાવો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

પાઠયક્રમ કોડ :- ECO-05 :- વેપારી કાયદાઓ

સત્રીયકાર્ય કોડ :- ECO-05/AST-01/TMA/2016

(તમામ પાઠયસામગ્રી પર આધારિત)

અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- ૩૦/૦૬/૨૦૧૬ **(કુલ ગુણ:-100)**

વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.

૧ કરારની વ્યાખ્યા આપો. કાયદેસરના કરારનાં આવશ્યક તત્વો વર્ણવો. (20x2=40)

અથવા

બેઈલમેન્ટના કરારનાં આવશ્યક તત્વો અર્ચો અને બેઈલીનાં હક્કો તથા ફરજો જણાવો.

૨ કરારભંગ શું છે ? કરારભંગના સમયે સહનકર્તા પક્ષકારને ઉપલબ્ધ ઉપચારો કયા છે?

અથવા

સ્વીકાર માટે રજૂઆતના નિયમો જણાવો.

વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો. (કોઈપણ બે) (15x2=30)

(૧) ખરીદનાર સાવધાનનો સિદ્ધાંત

(૨) ભાગીદારી અને સંયુક્ત હિંદુ કુટુંબની પેઢી

(૩) ચેક સ્વીકારનારની જવાબદારી

(૪) દગો ગણવા માટેના તત્વો.

વિભાગ-ગ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ ચાર) (4x5=20)

(૧) કર્વાન્ટમ્ મેરિટ

(૨) પેટા એજન્ટ

(૩) ચેક અને વિનિમયપત્ર વચ્ચેનો તફાવત.

(૪) અસ્થિર મનની વ્યકિતઓએ કરેલી સમજૂતીઓ.

(૫) ખરીદનારના હક્કો.

વિભાગ-ઘ નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (1x10=10)

(૧) વણચૂકવાયેલો વેચનાર માલનું પુનઃવેચાણ કરવા બંધાયેલો છે. ☐

(૨) શરતભંગને બાંયધરીનો ભંગ તરીકે ગણી શકાય છે. ☐

(૩) એક વખત કરેલો સ્વીકાર પાછો ખેંચી શકાય નહીં. ☐

(૪) મૂર્ખ કદાપી કરાર ન કરી શકે પણ પાગલ કદાચ કરી શકે. ☐

(૫) કાયદેસર વચનચિઠ્ઠી માટે ટિકિટ જરૂરી નથી. - ☐

(૬) જો કોઈ પેઢી ચોક્કસ નામ હેઠળ ધંધો કરતી જ હોય તો નવી પેઢી આવું નામ રાખી શકે નહીં. - ☐

(૭) ચાલુ જામીનગીરીનું રદ્દીકરણ કદાપિ થઈ શકે નહીં.- ☐

(૮) એજન્ટની તરફેણ કરતાં લિયન એ સામાન્યતઃ વિશિષ્ટ લિયન હોય છે. - ☐

(૯) કાયદાની ભૂલથી બીજી વ્યકિતને ચૂકવાયેલ રકમ વ્યકિત પરત મેળવી શકે નહીં. - ☐

(૧૦) અવેજ વચનની કિંમતના પ્રમાણમાં પ્રમાણસર હોવો જોઈએ. - ☐

ECO-05

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

પાઠયક્રમ કોડ :- ECO-06 :- (અર્થશાસ્ત્રના સિધ્ધાંત)

સત્રીયકાર્ય કોડ :- ECO-06/AST-01/TMA/2016

(તમામ પાઠયસામગ્રી પર આધારિત)

અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- ૩૦/૦૬/૨૦૧૬ **(કુલ ગુણ:-100)**

વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ આશરે ૧૫૦૦ શબ્દોમાં આપો. (૨૦x૨=૪૦)

૧ ઉત્પાદન શકયતા વક્ર ધારણાઓ તેમજ આકૃતિ સહિત સમજાવો.

અથવા

માંગનો નિયમ આકૃતિ સાથે સમજાવો.

૨ ઉત્પાદન એટલે શું? ઉત્પાદનનો સિધ્ધાંત સમજાવો.

અથવા

ઈજારાની તરફેણ અને વિરુધ્ધની દલીલો લખો.

વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ આશરે ૧૦૦૦ શબ્દોમાં આપો. (૨x૧૫=૩૦)

૧ વસ્તુલક્ષી વિરુધ્ધ આદર્શલક્ષી અર્થશાસ્ત્ર

અથવા

તુષ્ટિગુણનાં પૃથક્કરણની મર્યાદાઓ.

૨ સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચ

અથવા

વ્યાજનો ધિરાણ ભંડોળનો સિધ્ધાંત સમજાવો.

વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો. (કોઈપણ ચાર) (૪x૫=૨૦)

૧ બજાર એટલે શું?

૨ વ્યાજદરમાં તફાવત શા માટે હોય છે?

૩ વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સમજાવો.

૪ માંગની સ્થિતિ સ્થાપકતાનો ખ્યાલ સમજાવો.

૫ આર્થિક ખર્ચાઓ પર નોંધ લખો.

વિભાગ-ધ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો. (ગમે તે દશ) (૧૦x૧=૨૦)

૧ જયારે વસ્તુની માંગ તેના પુરવઠા કરતાં ----------- હશે ત્યારે વસ્તુની કિંમત વધશે. (ઓછી, વધારે)

૨ ઈજારદારનો હેતુ --------- નો હોય છે. (મહત્તમ નફો, સામાન્ય નફો)

૩ રિકાર્ડોનો ભાડાંનો ખ્યાલ ---------- તર્ક પધ્ધતિ પર આધારિત છે. (નિગમન, વ્યાપ્તિ)

૪ ------ નફાને સંશોધન થકી પ્રાપ્ત થતા અધિશેષ તરીકે ગણે છે. (શુમ્પીટર, રિકાર્ડો)

૫ મૂડી એ ઉત્પાદનનું --------- સાધન છે. (કુદરતી, માનવ સર્જિત)

૧ સમાજવાદમાં ઉત્પાદન સાધનોની માલિકી --------- હોય છે. (સામૂહિક, ખાનગી)

૨ સરકાર --------- માટે ટોચના ભાવ નક્કી કરે છે. (વપરાશકારનાં હિતોનાં રક્ષણ કરવા, નફો મેળવવા)

૩ તુષ્ટિગુણ --------- સંતોષ છે. (અપેક્ષિત, પ્રાપ્ત કરેલો)

૪ પુરવઠાની રેખા --------- હોય છે. (ઉપર જતી, નીચે તરફ ઢળતી)

૫ મકાનનું ભાડું, મૂડીનું વ્યાજ વગેરે ------- ખર્ચ છે. (અસ્થિર, સ્થિર)

૬ નિયોજક ------ માટે નફો કમાય છે. (જોખમ ઉઠાવવા, મૂડી રોકાણ)

૭ મજૂર સંઘ એ મજૂરોનું ------ સંગઠન છે. (ફરજીયાત, સ્વૈચ્છિક) .

ECO-06

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

પાઠયક્રમ કોડ :- ECO07- આંકડાશાસ્ત્રના મૂળતત્વો

સત્રીયકાર્ય કોડ :- ECO-07/AST-01/TMA/2016

(તમામ પાઠયસામગ્રી પર આધારિત)

અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- ૩૦/૦૬/૨૦૧૬ **(કુલ ગુણ:-100)**

વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આ□ો. (ચારમાંથી બે) (2×20=40)

1. ટૂંકનોધ લખો
   (1) આંકડાશાસ્ત્રની મર્યાદાઓ
   (2) તપાસના વિભિન્ન પ્રકાર
   (3) ગુણોત્તરના પ્રકાર
   (4) પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતી મેળવવાની રીતો
2. આકૃતિઓનું વર્ગીકરણ (પ્રકારો) ઉદાહરણ સહિત સમજાવો.
3. નીચેલી આપેલી માહિતી ઉપરથી D_3, D_7, P_{25}, P_{75} ની કિંમત મેળવો.

વર્ગ	100 થી ઓછી	100-120	120-140	140-160	160-180	180-200	200-220	220-240	240 થી વધુ
આવૃત્તિ	5	22	38	10	55	74	26	45	10

4. નીચેની માહિતી ઉપરથી બાઉલીની રીતે વિષમતાંક શોધો.

વર્ગ	150-300	300-450	450-600	600-750	750-900	900-1050	1050-1200	1200-1350
આવૃત્તિ	15	24	47	69	13	84	18	30

વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો. (ચારમાંથી બે) (2×15=30)

1. સારી પ્રશ્નાવલીના ગુણધર્મો જણાવી, પ્રશ્નાવલીના ફાયદા-મર્યાદા જણાવો.
2. નીચે આપેલા બધાંજ પ્રશ્નોના જવાબ આપો.
   (1)વિષમતાનો અર્થ આપી પ્રસારમાન અને વિષમતા વચ્ચેનો તફાવત જણાવો
   (2)પ્રમાણિત વિચલનનો અર્થ, ગુણધર્મો અને મર્યાદાઓ જણાવો.
   (3)પ્રસારમાનના સાપેક્ષ અને નિરપેક્ષ માપો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.
3. **ટૂંકનોંધ લખો.**
   (i) માહિતીની પસંદગીને અસર કરતા પરિબળો
   (ii) સમાંતર મધ્યકના ગુણધર્મો જણાવો.
4. નીચે આપેલી માહિતી ઉપરથી મધ્યક, મધ્યસ્થ અને બહુલકની ગણતરી કરો.

ગુણ	10-19	20-29	30-39	40-49	50-59	60-69	70-79	80-89
વિદ્યાર્થી સંખ્યા	5	12	13	40	8	12	7	3

વિભાગ-ગ નીચે આ□લા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આ□ો. (□ાંચમાંથી ચાર) **(5×4=20)**

1. નીચેની માહિતીના આધારે ખૂટતી આવૃત્તિ શોધો.

મેળવેલ ગુણ	0-50	50-100	100-150	150-200	200-250
વિદ્યાર્થી સંખ્યા	15	(?)	19	28	19

2. સ્તંભાલેખની રચનામાં જયારે વર્ગલંબાઈ અસમાન હોય ત્યારે તમે આવૃત્તિઓને કેવી રીતે સમંજિત કરશો ? ઉદાહરણ સાથે સમજાવો.
3. વર્ગલંબાઈની પસંદગી માટે માર્ગદર્શક નિયમો જણાવો.
4. ટૂંકનોંધ લખો: અભિનત ભૂલ અને અનભિનત ભૂલ
5. નીચેની માહિતીના આધારે પ્રમાણિત વિચલન શોધો.

ગુણ	20-30	30-40	40-50	50-60	60-70	70-80	80-90	90-100
વિદ્યાર્થી સંખ્યા	4	8	18	30	15	10	8	7

વિભાગ-ઘ નીચે આ□લા પ્રશ્નોના જવાબ આ□ો. **(10×1=10)**

1. મોટી સંખ્યાનો જડત્વનો નિયમ શું દર્શાવે છે?
2. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું ધર્મ અનુસાર વર્ગીકરણ એ કયા પ્રકારના વર્ગીકરણનું ઉદાહરણ છે.
3. વિષમ આધાર રેખા લેવાનો મૂળ હેતુ શું છે?
4. સમાંતર મધ્યકને શામાટે ગુરુત્વકેન્દ્ર પણ કહે છે?
5. સ્તરીત નિદર્શન પદ્ધતિ વિષે ટૂંકમાં જણાવો.
6. લઘુગુણકની મદદથી ગણતરી કરવા માટેના ગુણાકાર, ભાગાકાર અને ઘાત ના નિયમો જણાવો.
7. વૃતાંશ આકૃતિમાં પેટાવિભાગોની સંખ્યા કેવી ન હોવી જોઈએ?
8. વર્ગીકરણ અને કોષ્ટક રચના વચ્ચેનો મુખ્ય તફાવત જણાવો.
9. ખુલ્લા છેડાવાળું આવૃત્તિ વિતરણ હોય અને અસમાન વર્ગલંબાઈ આપેલ હોય તો વિષમતા શોધવા કઈ પદ્ધતિ ઉપયોગી છે?
10. જો મધ્યક=(42.5) , Σf = (50), c=(10), Σfd= (-27.5) હોય તો ધારેલ મધ્યક શોધો.